# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૨૮-૧૦-૨૦૨૪ સોમવાર                સમય : સાંજે ૬:25 કલાકે

---

## પીએમ-ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે આજે વડોદરામાં C- 295 લશ્કરી એરક્રાફ્ટના ઉત્પાદન માટે TATA એરક્રાફ્ટ કૉમ્પલેક્ટનું સંયુક્તપણે ઉદ્ઘાટન કર્યું હતું. ભારતમાં લશ્કરી વિમાનોના ઉત્પાન માટે ખાનગી ક્ષેત્રની આ પ્રથમ એસેમ્બ્લી લાઇન છે.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે ટાટા એરક્રાફ્ટ કૉમ્પલેક્સ વૈશ્વિક એરોસ્પેસ ઉત્પાદનમાં વિશ્વસનીય ભાગીદારી તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. તેમણે ઉમેર્યું કે આ ફેક્ટરી માત્ર ભારત – સ્પેન સંબંધોને જ મજબૂત નહીં બનાવે , પરંતુ મેક ઇન ઇન્ડિયા અને મેક ફોર ધ વર્લ્ડ મિશનને પણ સશક્ત બનાવશે.

- (RNU અમદાવાદ)

---

## પીએમ-સાન્ચેઝ દ્વિપક્ષી બેઠક:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાન્ચેઝ વચ્ચે વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે દ્વિપક્ષીય બેઠક મળી હતી અને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ, આઇટી અને નવાચાર, સંરક્ષણ, સુરક્ષા, પુનઃપ્રાપ્ય ઉર્જા, ફાર્મા, સંસ્કૃતિ અને પર્યટન સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા થઇ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે , ભારત અને સ્પેનની ભાગીદારી સદીઓ જૂની છે. ભારત-સ્પેન વૈશ્વિક શાંતિ પર ભાર મૂકે છે.

- (RNU અમદાવાદ)

---

## પીએમ-અમરેલી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમરેલી ખાતે અંદાજે 4,900 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમહૂર્ત અને લોકાર્પણ કર્યું. આ વિકાસ કાર્યોથી અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના નાગરિકોને લાભ થશે. તેઓએ અમરેલીના દુધાળામાં ભારત માતા સરોવર ખાતે ધોળકિયા ફાઉન્ડેશનની જળ સંરક્ષણ પહેલનું પણ

ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે 2,800 કરોડ રૂપિયાથી વધુના રોડ પ્રોજેક્ટ્સ અને રૂ. 700 કરોડથી વધુના જળ સંરક્ષણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું.

આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લગભગ 1,100 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ ભુજ-નલિયા રેલ ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો.. પશ્ચિમ રેલવેના ચીફ પબ્લિક રિલેશન ઓફિસર વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારમાં પરિવહન સસ્તું બનશે અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે. આ પ્રોજેક્ટ્માં 24 મોટાં પુલ, 254 નાના પુલ, ત્રણ રોડ ઓવરબ્રિજ અને 30 રોડ અન્ડરબ્રિજનો સમાવેશ થાય છે.

- (RNU અમદાવાદ)

---

## મતદાર સુધારણા કાર્યક્રમ:

ચૂંટણી પંચની સુચના મુજબ જિલ્લામાં પહેલી જાન્યુઆરી ૨૦૨૫ ની લાયકાતની તારીખના સંદર્ભમાં સંકલિત મુસદ્દા મતદારયાદી તા.૨૯ ઓક્ટોબરના પ્રસિદ્ધ થનાર છે અને સુધારણા કાર્યક્રમ તા.૨૯ ઓક્ટોબરથી તા.૨૮ નવેમ્બર સુધી હાથ ધરવામાં આવનાર છે.

મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન પહેલી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ થતાં હોય તેવી વ્યકિતઓ માટે મતદારયાદીમાં નામ નોધાવવા ઉપરાંત મતદારયાદીમાં રહેલ ક્ષતિઓ સુધારવાની તથા નામ કમી કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. તેમજ તા.૧૭, ૨૩ અને ૨૪ નવેમ્બરના ખાસ ઝુંબેશના દિવસોએ મતદાન મથકોએ તથા મામલતદાર કચેરી અને પ્રાંત કચેરી ખાતે અરજીઓ સ્વીકારવામાં આવશે.

જેથી જિલ્લાના નાગરીકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન નામ નોધાવવા તેમજ મતદારયાદીમાં કોઇ સુધારો હોય તો સુધારો કરાવી લેવા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

- (મા.ખા. ભુજ)

---

## ભુજ-સ્વામિ. મંદિર દીપોત્સવ:

દીપોત્સવ નિમિત્તે ભુજનું નૂતન સ્વામિનારાયણ મંદિર એક લાખ દીવડાથી ઝગમગી ઊઠશે. મંદિરના પરિસર ખાતે 31મી તારીખે સામૂહિક લક્ષ્મી પૂજનનો કાર્યક્રમ યોજાશે. તારીખ 1 નવેમ્બરના મંદિર દીપોત્સવની ઉજવણી સાથે રંગોળી ઉત્સવ પણ ઉજવાશે. અને તારીખ 2 નવેમ્બરના અન્નકુટ મહોત્સવનું આયોજન થશે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે આ દીપોત્સવનો લાભ લેવા મંદિરના સંતો દ્વારા અનુરોધ કરાયો છે.

- (NP, નેહલ ઠક્કર)

-------------------------------------------------------------------------------------

## સર્વ સેવા સંઘ-સફાઈ ઝુંબેશ:

સફાઈ માટે પ્રેરણારૂપ ગણી શકાય તેવી કચ્છની 35 વર્ષ જૂની સંસ્થા સર્વ સેવા સંઘ દ્વારા જીલ્લાના વિવિધ શહેરોમાં સફાઈ ઝુંબેશ ઉપાડવામાં આવી છે. સંસ્થા દ્વારા માત્ર 43 જ દિવસમાં 121 ગામડાની સફાઈ કરાઈ છે.

સંસ્થાના માધ્યમથી માંડવી અને મુન્દ્રા તાલુકાના અંદાજે 154 ગામડાઓમાં ગત 4 સપ્ટેમ્બરથી સફાઈ ઝુંબેશ આદરવામાં આવી તેવું જણાવતા સંસ્થાના પ્રમુખએ જણાવ્યું હતું કે, બંને તાલુકાના ગામડાઓમાં સફાઈ માટે જેસીબી અને ટ્રેક્ટરની વ્યવસ્થા ઉભી કરી ગ્રામજનો શ્રમદાન માટે સાથ લીધો. સરપંચ, તલાટી અને મહાજનના અગ્રણીઓને જવાબદારી સોંપી. આ 20 દિવસમાં 108 કામ સંપૂર્ણ સ્વચ્છ કર્યા છે.

- (NP, નેહલ ઠક્કર)

-------------------------------------------------------------------------------------

## ભુજ જલારામ જયંતીની ઉજવણી:

સંત શીરોમણી જલારામ બાપાની આગામી 225 મી જન્મ જયંતિની ભુજ લોહાણા મહાજન દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવશે. આ અવસરે લોહાણા મહાજનની બેઠકમાં એક વિશિષ્ઠ કાર્યક્રમનું આયોજન નક્કી કરવામાં આવ્યુ છે. જેમાં જલારામ બાપાની પ્રિય બુંદીના પ્રસાદનો 225 કિલોનો મહાકાય લાડુ બનાવવામાં આવશે. આ લાડુને તા. 7 નવેમ્બરના સાંજે જ્ઞાતિજનો અને ભાવિક ભક્તોના દર્શન માટે રાખવામાં આવશે. આ ઉપરાંત મીષ્ટાન પ્રસાદનું વિતરણ અને રક્તદાન કેમ્પ સહીતના આયોજનો આ પ્રસંગે કરવામાં આવશે.

- (NP, નેહલ ઠક્કર)

-------------------------------------------------------------------------------------

## કચ્છ-પ્રવાસન સીઝન:

દિવાળીનું પર્વ નજીક આવી રહ્યું છે. સળંગ રજાનો સમન્વય સધાવા સાથે આગામી દિવસોમાં રણોત્સવ શરૂ થઈ રહ્યો છે, ત્યારે જીલ્લામાં પ્રવાસનની સિઝન પૂરબહારમાં ખીલી ઊઠે તેવો માહોલ બંધાઈ રહ્યો છે. દિવાળી વેકેશનમાં પ્રવાસીઓનો ધસારો રહેવાનો વર્તારો છે. જિલ્લાની હોટલ, હોમસ્ટે તેમજ વિવિધ સમાજ મંદિર હસ્તકની ધર્મશાળામાં બુકિંગ અત્યારથી જ ફૂલ થઈ ગયાં છે. ભુજના પ્રવાસન સ્થળો તેમજ માંડવી , માતાના મઢ , નારાયણ સરોવર સહિતના સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓને આવકારવા સજ્જ જોવા મળી રહ્યા છે.

- (NP, નેહલ ઠક્કર)

-------------------------------------------------------------------------------------